

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કોમી સંવાદ, સંપ-સૂલેહ, ભડકતી રહેશે!*
*ને ચિંતામાં સમાજની છાતી ધડકતી રહેશે!*
*હોમાશે ઘી નેતાઓ દ્વારા મોતના યજ્ઞ કુંડમાં -*
*હવે 'ઓગણીસ' સુધી શાંતિ સળગતી રહેશે...*
*(મતોનું ધ્રુવીકરણ શરૂ...!!)*

હાઈકુ

*જ્ઞાતિ-સમાજો,*
*- ની કરો ચીરફાડ -*
*વેતરી નાખો...*
*(મત વિસ્તારો કરો નિશ્ચિત)*

*મત તણખે -*
*શાંત ધૂણાની આગ -*
*સંકોરે નેતા...*
*(જૂનાં વેરમાં નાખે ઝેર)*

### ચિંતન

*કવ ધનાનિ કવ મિત્રાણિ કવ મેં વિષયદૂસ્યવઃ ।*
*કવ શાસ્ત્ર કવ ચ વિજ્ઞાન યદા મેં ગલિત સ્પૃહા ॥*

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

જયા સુધી ઈચ્છા, આકાંક્ષા, વાસના વગેરે છે ત્યાં સુદી સમગ્ર સંસાર છે, ને સંસારમાં બધું આવી ગયું. ધનસપંત્તિ, મિત્રો, વિષયો, ભોગો, શાસ્ત્રો, જ્ઞાન-વિજ્ઞાન બધું જ! સૌપ્રથમ યાદ કરે છે ધનને, કારણ કે એના વિના બધું નકામું ! ધન હશે તો મિત્રો પણ હશે. ને તો પછી વિષયભોગો પણ રહેશે, ને એ બધા વિષયો તો એવા છાનામાના ચોરની જેમ જીવનમાં આવી જાય છે કે ખબર પણ પડતી નથી. તેથી જ કહ્યું છે કે વિષયરૂપી ચોર ! અને એ બધાંથી ધરાઈ જાય ત્યારે માણસ શાસ્ત્ર તરફ વળે, જ્ઞાનની વાતો કરે, પરંતુ એ શાસ્ત્રો અને એ જ્ઞાન પણ ઉપરછલ્લાં જ બની રહે છે. અંતરની સમજ વિના બધું નકામું છે.

જયાં સુધી 'સ્પૃહા' ઈચ્છાઓ અપેક્ષાઓનો અંત ન આવે ત્યાં સુધી જ્ઞાન સમજ, ધન-સંપત્તિ બધું જ નકામું છે.

### સુવિચાર

- તમારા ઘરમાં કોનું ચલણ ચાલે છે એ તમને ટીવીનું રીમોટ કહી શકે - **મોરારિ બાપુ**
- સિર્ફ 'સુકુન' ઢૂંઢીયે, 'જરૂરતે' તો કભી ખત્મ નહીં હોંગી - **ઈકબાલ પટેલ**
- પુરુષો સ્વાર્થી હોત તો લગ્ન અને કુટુંબ જેવી વૈશ્વિક સમાજ વ્યવસ્થા ટકી જ ન હોત - **એસ. ભટ્ટાચાર્ય**
- અસ્તિત્વ પર ઘણા ઉઝરડા થાય છે ત્યારે માણસ સમજદાર થાય છે - **હરિન્દ્ર દવે**
- બુદ્ધિ તમને સમજદારી આપે છે, પ્રેક્ટિકલ બનાવે છે
  પરંતુ લાગણી તમને માણસ બનાવી રાખે છે - **ગુણવંત શાહ**
- 'તસ્વીર માં નહીં' પણ 'તકલીફ'માં સાથ દેખાય તે આપણા - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : એલચી ખાવાથી કેળાથી થતું અજીર્ણ મટે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

એક અમેરિકન લંડનની એક રેસ્ટોરાંમાં ગયો. ખૂણામાં એક આફ્રિકનને બેઠેલો જોયો. અમેરિકને વેઈટરને બૂમ પાડીને કહ્યું, 'પેલા કાળા આફ્રિકન સિવાય આ રેસ્ટોરામાં છે તે સૌને મારા તરફથી એક એક બીયર મફત.'

વેઈટરે અમેરિકન પાસેથી પેસા લઈ હબસી સિવાય કૌંને બીયર આપી. જો કે આફ્રિકને સામેથી અમેરીકનને સસ્મિત કહ્યું, 'થેંક યું...' આ સાંભળી અમેરિકન ઉશ્કેરાયો. એણે વેઈટરને ફરી બોલાવીને કહ્યું, 'આ આફ્રિકન સિવાયના હાજર સૌને ભોજન મારા તરફથી...' વેઈટરે સૌને ભોજન પીરસ્યું એવામાં પેલા આફ્રિકને અમેરિકનને હળવેકથી કહ્યું, 'થેંક્યુ.'

અમેરિકને ગુસ્સામાં ત્રાડ પાડી વેઈટરને બોલાવીને કહ્યું, 'આ કાળિયાને થઈ શું ગયું છે ?' આને બાકાત રાખી મેં સૌને બીયર અને ભોજન ખવડાવી મોજ કરાવી છતાં ગુસ્સે થયા વિના ખૂણામાં શાંતિથી બેઠો છે અને મને હસીને થેંક્યુ કહે છે ! શું આ માણસ પાગલ છે ? 'વેઈટરે કહ્યું, 'ના સર, એ કંઈ પાગલ નથી એ તો આ રેસ્તોરનાં માલિક છે.'

# જાતિવાદનો એરું ફૂંફાડા મારે છે

આપણે જયારે બિહાર અને ઉત્તરપ્રદેશ કે હરિયાણા જેવા રાજયોમાં જાતિવાદનું જોર ચાલતું હોવાનો અફસોસ વ્યક્ત કરતા હોઈએ છીએ ત્યારે ગુજરાતમાં એનું ઝેર પ્રસરી ચૂક્યું હોવાનું તો સિફતપૂર્વક ભૂલી જ જઈએ છીએ. ખરુ પૂછો તો આ જાતિવાદ છેક ૧૯૫૭ની ચૂંટણીથી એના પરચા બતાવતો રહ્યો છે. કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય અપીલ ધરઆવતા પક્ષને પણ વિવિધ જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ જળવાય એ રીતના ઉમેદવારો પસંદ કરવા પડતા હતા. ગુજરાતમાં પાટીદારો, મહારાષ્ટ્રમાં મરાઠા અને ઉત્તરપ્રદેશમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ નજર અંદાજ કરી શકાય એમ ન હતું. એવું જ ક્ષણિક ભારતમાં વર્ચસ્વ, ધરાવતા જ્ઞાતિ સમુદાયોનું હતું. ગુજરાતમાં પાટીદારોનું વર્ચસ્વ તોડવા માટે નટવરસિંહ સોલંકીના નેતૃત્વ હેઠળ ક્ષત્રિયસભા રચાઈ અને ભાઈકાકા જેવા કદાવર નેતા એણના વતનની બેઠકમાં હાર્યા. જો કે તે પછી પટેલનો 'પ' એન ક્ષત્રિયનો 'ક્ષ' મેળવી જે નવું રાજકીય પરિબળ માર્કેટમાં આવ્યું તે સ્વતંત્ર પત્ર સત્તાની નજીક પહોંચ્યા છતાં કોંગ્રેસનો વિકલ્પ ન બની શખ્યો. પરંતુ જાતિવાદી સમીકરણો કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષો માટે અનિવાર્ય બની રહ્યાં. તાજેતરમાં સમાપ્ત થયેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બેઉ મુખ્ય રાજકીય પક્ષોએ જાતિવાદિ સમીકરણો માંડીને જ પોતપોતાના ચક્રવ્યૂહ ગોઠવ્યા હતા. અલબત્ત, મોદી કે શાહ કોઈ મોટી જ્ઞાતિમાંથી નથી આવતા, પરંતુ ગુજરાતની તમામ જ્ઞાતિઓ વિશેનો એમનો ઊંડો અભ્યાસ કાલિલેદાદ છે. તેથી કયું પ્યાદું કયાં ગોઠવવું તેની એમને બરાબર ખબર હોય છે. પરંતુ વિધાનસભા કે લોકસભામાં બહુમતી મેળવી લેવાથી પતી જતો નથી. જો સરકાર રચાય તો એમાં જ્ઞાતિ સમુદાયોનું સંતુલન જળવાય એનું ધ્યાન રાખવું પડે છે. વિપક્ષના નેતા બનવા માટે પણ જીવ સટોસટ લડાઈ લડાય છે. મૂળે આશય તો સત્તા અને એના આનુષંગિક લાભો મેળવવાનો જ હોય છે. પણ એ બધું 'સેવા'ના ઓઠા હેઠળ થતું હોય છે. પાટીદાર સમાજના પ્રભાવને બધા રાજકીય પક્ષો અને એમના હાઈકમાન્ડ સ્વીકારી રહ્યા છે એ તો આપણે નરી નજરે નિહાળ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ નીતિન પટેલની નારાજગી સામે ઝૂકવું

**તંત્રીસ્થાનેથી...**

પડ્યું છે અને કોંગ્રેસે વિપક્ષના નેતાનું પદ પરેશ ધાનાણીને સોંપવું પડ્યું છે. પાટીદારોને પડકારે એવું ઓબીસી પરિબળ એનો હક લઈને જ જંપે છે. કોંગ્રેસ ભરતસિંહ સોલંકીને બળજબરીપૂર્વક રાજકીય જવાબદારીઓ સુપરત કરતી રહી છે. કોળી સમાજના અગ્રણી તરીકે પુરુષોત્તમ સોલંકી અને સોમાભાઈ ગાંડાભી વર્ષોથી કેન્દ્ર સ્થાને રહ્યા છે. આજકાલ કોળી સમાજને રાજકીય પક્ષો દ્વારા થતા રહેતા અન્યાયની ચર્ચા ચાલે છે. કુંવરજી બાવળિયાને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાનું પદ જોઈએ છે. એ પદ પાટીદાર નેતાને અપાઈ ચૂક્યું છે. કોંગ્રેસ પાસે સત્તા નથી, એટલે બાવળિયાને હવે સરકારી ગાડી-બંગલાની સુવિધા મળે એવું પદ તો તે અપાવી શકે તેમ નથી, સિવાય કે અગાઉની કોંગ્રેસી સરકારે ડેપ્યુટી સ્પીકરની જગ્યાએ વિપક્ષના નેતાને બેસાડતી રહી છે, એવી ઉદારતા વર્તમાન ભાજપ સરકાર દાખવે. જો કે એવી શક્યતા બહુ જ ઓછી છે. કેબિનેટ મંત્રી તરીકે કોળી સમાજના મંત્રી તરીકે અગાઉ સી.ડી. પટેલ નમૂના રૂપ કામગીરી કરી ચૂક્યા છે. કરમશી મકવાણા પણ ખૂબ જ લોકપ્રિય લોકનેતા તરીકેની છાપ મૂકી ગયા છે. આ બધાની સરખામણીમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર કોળી સમાજનું પ્રતિનિધિત્વ કરતા પુરુષોત્તમ સોલંકીને પોતાની ઉપેક્ષા થતી લાગે છે અને તેથી એમના સમર્થકો એમને મત્સ્યોદ્યોગ ઉપરાંત કોઈ મહત્ત્વનો વિભાગ સોંપાય તેમ ઈચ્છે છે. કુંવરજી બાવળિયા અને પુરુષોત્તમ સોલંકી રાજકીય રીતે સામસામા પક્ષોમાં છે, પરંતુ કોળી સમાજ માટે તો બેઉ ડાબી-જમણી આંખો જેવા છે. આથી કોળી સમાજ એના આ બંને ધુરંધર નેતાઓને અન્યાય થઈ રહ્યો હોવાના મુદ્દે મેદાનમાં ઊતર્યા છે. સિત્તેર વર્ષની લોકશાહીમાં આપણે કેટલી પ્રગતિ કરી ? સિદ્ધાંતો અને વિચારધારાઓ બાજુએ રહી જાય છે; ઉમેદવારની લાયકાત પણ ગૌણ બની જાય છે અને જ્ઞાતિવાદ મોખરે આવી જાય છે. જ્ઞાતિવાદનો એરું ફૂંફાડા મારી રહ્યો છે. આગામી વર્ષો દરમિયાન જો આ જ વલણ ચાલુ રહેશે તો લાયકાત અને પાર્ટીની સેવા-સિનિયોરિટી બાજુએ રહી જશે અને મેજર જ્ઞાતિ સમુદાયો જ રાજ કરતા જોવા મળશે.

# આખરે... આ શહેરમાં જીવવું કેમ!



## નવાં કલેવર

નટવર હેડાઉ

'બકા શું વિચાર કરે છે ?' ચકીએ ચકાને ગુમસુમ બેઠેલો જોઈને પૂછ્યું.

'મારું માથું દુઃખે છે. ધમ... ધમ... થાય છે. કયારેક તમરાં કાનમાં બોલતા હોય એવા અવાજ સંભળાય છે.' ચકાએ ચોખવટ કરી.

'એવું તો મને પણ થાય છે કાલે નીચેના માળે ગેલેરીમાં ઉભેલા એક ભાઈ મોબાઈલ પર વાત કરતા હતા કે મોબાઈલના તરંગોથી મગજ તાણ અનુભવે છે. શું એ સાચું હશે ?' ચકી બોલી.

'વાત તો સાચી લાગેછે પણ આપણે શું કરી શકીએ જો ને હમણાંથી તો છોકરાંઓએ પણ ધમાલ મચાવી છે. સવારથી સાંજ પતંગો ચકાવે છે એમાં આપણું તો આવી જ બેન છે. મને તો ભૂખ લાગી છે પણ બહાર કઈ રીતે જવું.' ચકાએ ચાંચ પહોળી કરી બગાસું ખાતાં કહ્યું.

'ખબર નહીં આ શહેરના લોકોને શું થઈ ગયું છે કાળે સામે પાંચમા માળે ફલેટમાં રહે છે ને તે ડોસીએ તેના છોકારની વહુને ખુબ ધમકાવી, તે બિચારી સીંયાવીંયા થઈ ગઈ અને બાથરૂમના ઉપરના ભાગે કબુતરને કબુતરીએ માળો બાંધેલો તે સાફ કરી નીચે નાંખી દીધો, કબુતરીના બે ઈંડા નીચે પડ્યાં અને ફૂટી ગયાં કબુતર તો તારી જેમ ગુસ્સે થઈ ગયેલો પણ રડતી કબુતરીએ એને વાર્યો.' ચકીએ કહ્યું.

'ના... ના... એવું તે કંઈ ચાલું હશે. બંને જણાં એ કેટલી મહેનત કરીને માળો બનાવ્યો હોય અને આમ તોડીને ફેંકી દે તે કંઈ ચાલે. હું હોઉં તો તેના માથામાં ચાંચ મારીને લોહી કાઢ્યા વિના ન રહું.' ચકાએ ઉગ્ર થઈ કહ્યું.

'બકા, એમ ગુસ્સે ન થવાય આપણને ચણ તો એ લોકો જ નાંખે છે. છીબમાં પાણી મુકે છે. નહીંતર આપણે ભૂખે-તરસે મરી જઈએ. અહીંયા કયાં આપણાં ગામડાની જેમ તળાવ છે કે ખેતરમાં ઊભેલ મોલ છે. અહીંના લોકો જેને મોલ કહે છે એમાં તો બધી વસ્તુઓ પેકીંગમાં મુકેલી હોય છે તે આપણે તો બહારથી કાચમાંથી જોવાની એટર તો ચકીએ કહ્યું.

મને તો આપણું ગામડું ખુબ યાદ આવ્યું છે અહીં તો લોકો સાફસફાઈ એવી કહે છે કે ઘરની આજુબાજુ કે ઝાડ નીચે સૂકું તણખલુંય રહેવા દેતા નથી. આપણને માળો બાંધવામાં કેટલી તકલીફ પડેલી. પ્લાસ્ટિકના રેસા, થર્મોકોલના નાનકડાં ટૂંકડા, તારના ટુકડા એ બધું ભેગું કરતાં દમ નીકળી ગયેલો. તેમાં પતંગના દોરાના તારા પગ કેવા ફસાઈ ગયેલાં, ઉડવા મથતી હતી પણ ઉડાય જ નહીં મને તો જોઈને હસવું આવી ગયેલું.' ચકાએ કહ્યું.

'મારો જીવ જતો હતો ને તને હસવું આવતું હતું. એ તો ભલું થજો પેલા છોકરાનું તેણે મારા પગમાં ફસાયેલો દોરાની ગુંચ કાઢી મને છોડાવી નહીંતર હું તો દૂર ઊભો ઊભો તમાશો જ જોતો હતો. ચકી જરા શરમાતાં કહ્યું.'

'તે થું પણ ક્યાં ઓછી છે. પતંગથી મારી પાંખ કપાયેલી ને લોહી નીકળતું હતું ત્યારે મને પ્રેમપૂર્વક પકડી દવા લગાડી આપેલી તે છોકરીને તું ચાંચો મારવા દોડેલી.' ચકો કહ્યું.

'તે ચાંચ તો મારું જ ને, તને હથેળીમાં રાખીને કેવી સેલ્ફી લેતી હતી.' ચકી બોલી.

'નારી જાતિ ઈર્ષાળુ તો ખરી હો, બાકી છોકરી હતી બહુ રૂપાળી.' ચકાએ વ્યંગમાં કહ્યું.

'તો જાને તને ચણ નાંખે તો, એ તો તેના બોયફ્રેન્ડ ભેગી બાઈક પર ઉપડી ગઈ અને તું રહી ગયો લટકતો.' ચકી બોલી.

અનુસંધાન પાના નં. ૭ પર

# ક્રોધ, ઈર્ષા, કપટ, માન, કામથી મુક્તિ એટલે સુખ



## ગુલમહોર

દિનેશ દેસાઈ

શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમના ૭૬માં ક્રોધ, ઈર્ષા, કપટ, માન, કામ કાઢવા વિશે કહ્યું છે. તેમણે કહ્યું છે કે ''નિર્વિકાર રહેવું અતિ ઉત્તમ વિકલ્પ છે.'' જો કે આજના સમયમાં ધર્મ-નિયમોનું પાલન કઠિન ખરું પણ અઘરું નથી. માણસમાં જ્યાં સુધી અવગુણ યા વિકાર છે ત્યાં સુધી ન તો એ પોતાનું ભલું કરી શકે છે, ન તો બીજાનું ભલું કરે છે. બીજાનું ભલું થતું પણ જોઈ ન શકે એ વ્યક્તિ મનોમન પોતે પણ બળે છે અને બીજાને પણ બાળે છે યા બાળવા પ્રયાસ કરે છે.

સૌપ્રથમ (૧) ક્રોધની વાત કરીએ. માણસ જ્યારે ક્રોધ કરે છે ત્યારે એને સ્થળ, કાળનું ભાન રહેતું નથી. પોતે ક્યાં બેઠો છે, સામે કોણ બેઠું છે, એનો ખ્યાલ પણ આવતો નથી. ક્રોધમાં માણસ મા-બાપ, ગુરુજી, સ્વજન યા કોઈને પણ અને કંઈ પણ બોલી જાય છે. પૂજ્ય ડોંગરેજી મહારાજ કહેતા કે ક્રોધ માણસને વિરુપ (કુરુપ) બનાવી દે છે. ક્રોધ એક પ્રકારનું ભૂત છે, જે માણસના મગજનો કબજો લઈ લે છે. ક્રોધનું ભૂત ઉતર્યા બાદ માણસ પસ્તાવો કરે છે, પણ એક હિન્દી કહેવત છે ને કે ''અબ પછતાયે ક્યા હોત, જબ ચિડીયા ચુગ ગઈ ખેત.''

બીજા ક્રમે (૨) ઈર્ષાની વાત કરીએ. ઈર્ષા માણસની સ્વભાવગત બીમારી છે. આ રોગ અસાધ્ય રોગ નથી, એને મિટાવી શકાય છે. જે માણસમાં ઈર્ષા હોય તે પોતાને પણ સુખી થવા ન દે અને પારકાને પણ સુખી જોઈ ન શકે. ઈર્ષાવાન વ્યક્તિથી કોઈનો ઉત્કર્ષ જોઈ શકાતો નથી. ઈર્ષાવાન એમ જ વિચારે કે બીજી વ્યક્તિને કઈ રીતે નીચી પાડવી, હલકી પાડવી, હાનિ પહોંચાડવી.

**આજના સમયમાં ધર્મ-નિયમોનું પાલન કઠિન ખરું પણ અઘરું નથી. માણસમાં જ્યાં સુધી અવગુણ યા વિકાર છે ત્યાં સુધી ન તો એ પોતાનું ભલું કરી શકે છે, ન તો બીજાનું ભલું કરે છે. બીજાનું ભલું થતું પણ જોઈ ન શકે એ વ્યક્તિ મનોમન પોતે પણ બળે છે અને બીજાને પણ બાળે છે યા બાળવા પ્રયાસ કરે છે.**

હવે (૩) કપટ-કપટીની વાત પણ કરીએ. કપટ માણસમાં રહેલું ધીમું ઝેર છે, એ ઝેર અન્યને તો હાનિ કરે જ છે પણ વ્યક્તિને પોતાને ખુદને બરબાદ કરે છે. મોક્ષ અને કલ્યાણમાર્ગે કપટ અને કપટી સ્વભાવ બાધક બને છે. જ્યાં સુધી માનવમનમાં નિજી સ્વભાવ અથવા દુર્ગુણો ટળે નહિ, ત્યાં સુધી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આત્મસાત્ થાય નહિ.

આપણે (૪) માન-માની વિશે પણ વાત કરીએ. ઘણી બધી વ્યક્તિઓ માની હોય છે. પૂજ્ય મોરારિ બાપુ કહે છે એમ માની વ્યક્તિ ઉપર ભગવાનની પ્રસન્નતા ઉતરતી નથી. જે વ્યક્તિ માની છે તેનામાં ક્રોધ અને ઈર્ષા આપોઆપ ઉપજે છે. વ્યક્તિમાં સૌથી મોટો દુર્ગુણ જ માની હોવું તે છે. જો નિર્માનીપણું રહે તો બધા અવગુણ એક પછી એક નાબુદ થાય. જો આપણે માન ઈચ્છીએ તો આપણું અપમાન થવાનું નિશ્ચિત છે. શ્રીજી મહારાજના પ્રિય સંત કવિ મુક્તાનંદ સ્વામીએ એક પદમાં લખ્યું છે કે ''જેના નિર્માની ભગવાન...'' ગુજરાતી કહેવત પણ છે કે ''નમે તે પ્રભુને ગમે.''

અન્ય વિકારો પૈકી (૫) કામ-કામી વિશે પણ વાત કરીએ. જેનો સ્વભાવ કામી હોય, જેનામાં કામદોષ હોય તે પણ ધર્મ-ભક્તિને પામી શકતા નથી. આવી વ્યક્તિને સતત કામના-વાસના અંગે જ વિચારો આવે છે. શ્રીજી મહારાજે આપેલા પંચવર્તમાનમાં કામવાસનાનો ત્યાગ પણ એક પ્રમુખ સિદ્ધાંત છે. તેઓ ગઢડામાં પોતના પ્રિય ભક્તજન દાદા ખાચરના દરબારમાં રહેતા. ભગવાન સ્વામિનારાયણે દાદા ખાચરની ભક્તિનો સ્વીકાર કરતા કહ્યું છે કે ''દાદા ખાચરે અમને ન ગમે એવો એક પણ સ્વભાવ રાખ્યો નથી.''

દાદા ખાચરની દરેક ક્રિયામાં ભક્તિ ભળી હતી. મનગમતું મૂકીને ભગવાન કહે તેમ કરવું એ પણ ભક્તિનો એક પ્રકાર જ છે. ભગવાનને ગમતું કરીએ તો ભગવાન આપોઆપ પ્રસન્ન થાય છે. શ્રીમદ્ ભાગવત્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ''કિર્તનભક્તિઃ કલૌયુગૈઃ'' અર્થાત્ કળિયુગમાં કિર્તનભક્તિ જ સર્વશ્રેષ્ઠ છે. બ્રહ્મસ્વરુપ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ કહેતા કે ''ભગવાન ભજી લેવા.''

અક્ષરબ્રહ્મસ્વરુપ પૂજ્ય ગુણાતીતાનંદ સ્વામીએ ''સ્વામીની વાતો'' (૪/૧૪૦)માં કહ્યું છે કે ''ભગવાનના ભક્તના ગુણ કહેવા. તેમાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય ને તેમાં દાખડો કાંઈ ન મળે.'' ભગવાનના ગુણગાન તો શ્રેયસ્કર છે જ, પરંતુ ભગવાનના ભક્તના ગુણગાન કરવાથી પણ કેટલું પૂણ્યફળ મળે છે, તે વાત અહીં સમજાવવામાં આવી છે. ભક્તિમાર્ગે ભક્તનો મહિમા અનન્ય છે. ભગવાન શ્રીકૃષ્ણના પ્રિય ભક્ત રાધાજીનાં ગુણગાન કરવાથી ભગવાન આપોઆપ પ્રસન્ન થાય છે. ભક્તિમાર્ગમાં ભગવાનની સાથે સાથે ભક્તનો પણ મહિમા ભગવાને સમજાવ્યો છે.

શ્રીજી મહારાજે વચનામૃત મધ્યના ૪૫માં કહ્યું છે કે ''મારે બધાને નિર્વાસનિક કરીને ધામમાં લઈ જવા છે.'' તેમના કહેવા પ્રમાણે ભક્તોમાં કોઈ વિકાર હશે તો સૌને સૂર્યના લોકમાં બાળીને પણ અક્ષરધામ લઈ જવામાં આવશે. વચનામૃત પ્રથમના ૭૧માં પણ શ્રીજી મહારાજે મહિમાની વાત કરી છે.

જસ્ટ ટ્વીટ :
''સદગુણ વિના શાંતિ નહિ.''
-પ્રમુખ સ્વામી

# સળીઓ ના કરો...!! કોઈના ઘરે આંધળા બનીને જાવ અને મૂંગા બની બહાર નીકળો...!!



## Hello ફ્રેન્ડસ!

સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

'કેમ કાલે ગરીબ વસ્તીમાં નાસ્તાના વિતરણમાં આવી નહીં?' હિમાનીએ ફોન કરીને પિંકીને પૂછ્યું. 'પપ્પાએ ના પાડી, રવિવારે ઘરના કેટલાં કામ હોય છે. એ બાકી મુકીને સમાજસેવા કરવાની કંઈ જરૂર નથી.' પિંકીએ કારણ આપ્યું. 'પણ, ઘરના કામ તો તું બે કલાક પછી પણ કરી જ શકે ને ? અને તારા ઘરે તો બબ્બે નોકર છે...' હિમાનીએ વાત પકડી જ રાખી... સરવાળે પિંકી અપસેટ થઈ ગઈ. એને પપ્પા પર ગુસ્સો આવ્યો હતો. હિમાનીની વાતો એનાં મગજમાં ઝેર બનીને ફરવા લાગી.



પપ્પા વાળ કપાવીને આવ્યા, 'બેટાં, પિંકી ચા બનાવ તો...' એમણે છાપું હાથમાં લીધું. પિંકી આવીને પપ્પા પર બગડી. 'આ કાલે જવા ન દીધી એમાં હિમાનીએ મને કેટલાં મ્હેણાં માર્યા. બે કલાકમાં શું ખાટું મોટું થવાનું હતું. બધી વાતમાં નન્નો ભણવાની તમને ટેવ જ પડી ગઈ છે. બાકીની ફ્રેન્ડ્સ જાય જ છે ને સેવા કરવા ? હું કંઈ ફિલ્મ જોવા કે રખડવાં તો નહોતી જ જતીને ?...' પિંકી ધડાધડ બોલતી હતી સામે પપ્પાનો ગુસ્સો પણ ફાટ્યો. એમણે પિંકીને ખરાં-ખોટાં શબ્દોમાં ખખડાવી. સરવાળે બંને વચ્ચે અબોલા થયાં. ઘરમાં વાતાવરણ ડહોળાઈ ગયું.

આ બધું કોના કારણે ? એની બહેનપણીના એક ફોનના કારણે. પિંકી ના આવી તો ના આવી, એમાં શું ? પણ એને પોતાનાં પપ્પા સારા અને તારા પપ્પા સરમુખત્યાર એવું મનમાં ભરાવી દેતાં બંને વચ્ચે તણખાં ઝર્યા, અને સરવાળે મામલો બોલાચાલી પરથી અબોલા સુધી પહોંચી ગયો...

બપોરે ટાઈમપાસ કરવા રમીલા એની બહેનપણી સવિતાના ઘરે પહોંચી. વાતવાતમાં એણે પૂછ્યું, 'તને દીકરો થયો એની ખુશીમાં પતિએ તને સું ભેટ આપી.' સવિતાએ ભોળાભાવે કહ્યું, 'કશું નહીં.' એટલે રમીલાએ સામો સવાલ કરતાં કહ્યું, 'શું આ તારી વાત કહેવાય ?' તે આ ઘરને વારસ આપ્યો તોય તારી કોઈ કિંમત નથી?'

રમીલા તો ચા પીને ચાલતી થઈ પણ સવિતાના મનમાં અજંપાનો ઉકાળો ઉકળવા લાગ્યો. એના શબ્દો - પ્રશ્નોથી એ બેચેન થઈ ગઈ. રમીલા બેફીકર બનીને પ્રશ્નોનો બોમ્બ ફેંકતી ગઈ અને સવિતા ફિકરમાં અટવાઈ પડી... સાંજે એનો પતિ થાકેલો પાકેલો ઘરે આવ્યો. પત્ની સવિતાનું મોં લટકેલું હતું. એમે પ્રેમથી પૂછપરછ કરતા સવિતા હડકાયા કૂતરાની જેમ ભચકાં ભરવા દોડી. બંને વચ્ચે ઝઘડો જામ્યો. એક બીજાની ભૂલો અને કડવી વાતોની કથા માંડાઈ. અકળાઈ ઊઠલે। પતિએ કચકચાવીને લાફો માર્યો, અને સરવાળે આ ઘરની વાત કોર્ટના ઉંબરે છૂટાછેડાના કાગળ બનીને પહોંચી!

**આંસુઓ ઓપ્શનમાં નીકળતા નથી,**
**આ બધું કયારે ભણાવ્યું કોર્સમાં ?**
**શું કરો શ્રદ્ધા જ હાંફી જાય તો ?**
**શ્વાસને તો દોડવું'તું ફોર્સમાં!**
**- હિમલ પંડ્યા**

આમાં રમીલા મંથરા બનીને આવી અને કૈકેયીની કાન ભંભેરણી કરી ગઈ. સુખી સંસારમાં આગ ચાંપીને ચાલતી પકડી. આવી તો હતી એ બહેનપણીને મળવા, વાતો કરવા, મજા કરવાં, પણ એક વાહિયાત મુદ્દાએ આખી વાતનું વતેસર થઈ ગયું...

રાજુ ઘણા વર્ષે એના મિત્ર રમેશને માર્કેટમાં ભેગો થઈ ગયો. ઔપચારિક વાતચીત બાદ એણે પુછ્યું, 'ક્યાં નોકરી કરે છે ?' રમેશે કહ્યું, 'રેડિમેટ ગાર્મેટની દુકાનમાં સેલ્સમેન છું.' 'કેટલો પગાર આપે છે તારો માલિક?' રાજુએ ખણખોદ કરી. 'અઢાર હજાર મહિને...' રમેશે સાચું કહ્યું. 'બસ માત્ર અઢાર હજાર?' આટલી મોંઘવારીમાં કયાંથી પૂરું થાય ? તારો માલિક તને ચૂસે છે.' રાજુએ એને છંછેડ્યો. 'હા યાર, જેમ તેમ જિંદગી ખેંચુ છું.' રમેશે ઊંડો શ્વાસ લેતાં કહ્યું.

રાજુ તો એનો શ્વાસ અધ્ધર કરીને જતો રહ્યો. રમેશને હવે એ નોકરીમાં ગુંગળામણ થવા લાગી. સતત પગાર ઓછો છે એ કોરી ખાતું. કસ્ટરર તરફ ધ્યાન રાખવામાં એ આઘોપાછો થવા લાગ્યો. માલિકે એને ટોક્યો તો સીધી જ પગાર વધારાની ડિમાન્ટ કરી દીધી. માલિકે સમજાવ્યો કે આ પગાર માર્કેટ કરતાં વધારે જ છે. પણ એનાં મનમાં તો પગાર વધારાનું ભૂત સવાર હતું. માલિકે પગાર વધારો કરવાની માંગણી ન સ્વીકારતા રમેશે નોકરી છોડી દીધી ! હવે એ બેરોજગાર બનીને બે સિગારેટ વધુ ફૂંકવા લાગ્યો...

એક વડીલ બીજા મિત્રને ત્યાં પહોંચ્યો જે પોતાની દીકરાથી અલગ રહેતા હતા. થોડી આડી અવળી વાતો કર્યા બાદ પૂછ્યું, 'તમારો દીકરો હવે તમને બહુ ઓછો મળવા આવે છે નહીં ? શું તમને હવે એ પહેલાં જેટલો પ્રેમ નથી કરતો?' પેલા પિતાએ કહ્યું, 'દીકરો જરા વધારે વ્યસ્ત રહે છે. ઑફિસમાં કામનું ભારણ વધું છે અને પત્ની અને બાળકોની પણ જવાબદારી છે. એને પોતાના શોખ માટે જ ઓછો સમય મળે છે. એટલે મળવાની ગેપ વધી છે.'

પેલા માણસે વાત આગળ વધારી. 'આવું તો બધાને હોય. તને એને પાળીપોસીને મોટો કર્યો. એની દરેક ઈચ્છા પુરી કરી. અરે, એને અલગ રહેવું હોય તો ઘર પણ લઈ આપ્યું. હવે તમારી ઉંમર થઈ ત્યારે તમારે એની જરૂર છે અને એની પાસે સમય નથી ? આ બધા તો બહાના છે.'

બસ આટલી વાતચીત થઈ અને નવરા બેસી રહેતા વૃદ્ધ પિતાના મનમાં પ્રામાણિક દીકરા માટે શંકા પેદા થઈ ગઈ. એ બધી જુની વાતો યાદ કરી એ બહાના તો નથી ને ? એમ વિચારવા લાગ્યા. દીકરો જયારે પણ મળવા આવતો ત્યારે પણ વિચાર તો એ જ આવતો કે આની પાસે દરેક માટે સમય છે, માત્ર મારા માટે જ નહીં ?

વ્યવસ્થિત પસાર થતી વૃદ્ધની જિંદગીમાં પેલા ભાઈ પથરો ફેંકીને જતા રહ્યા. કોઈ જ કારણ વગર એમનાં મગજમાં નફરતના બી વાવી દીધા. સુખી જિંદગીમાં દુઃખ પેદા કરીને એમની જિંદગીના બે-ચાર વર્ષો ટૂંકાવી દીધા, અને દીકરાને પણ પિતાના વર્તનનું આશ્ચર્ય થતું કે કેમ તેઓ મારાથી રાજી નથી?

આ બધી ઘટનાઓ પાછળ જવાબદાર કોણ? કોઈને મળવા જઈએ અને એકાદી ફાલતુ વાતથી એની જિંદગી ડહોળાઈ જાય એવું બની શકે. આપણા શબ્દો બીજાના મન પર ઘેરી અસર કરતાં હોય છે. કેટલાંક લોકો હોય છે જ અવળચંડા. એમને બીજાને સુખી જિંદગી સહન નથી થતી એટલે

અનુસંધાન પાના નં. ૭ પર